| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૦૨/૦૧/૨૦૨૩ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૦૭/૨૦૨૩**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨ | ૧,૯૬,૨૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૦૮/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩૪ કેસ કરી, ૧૪૦ વ્યક્તિઓને ઝડપી, ૫૮ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૮૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૦૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦/૨૦૨૩**

**ગોમતીપુરઃ** સમીરએહમદ સ/ઓ એનુલહક્ક અંસારી (ઉ.વ.૩૦) (રહે. કરીમ ચૌધરીની ચાલી કામદાર મેદાન ગોમતીપુર) એ તા.૦૧/૦૧/૨૦૨૩ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સમીરએહમદ અંસારીના મિત્રની બહેનને યુ.એસ.એ.ની યુનિર્વસીટીમાં અભ્યાસ માટે ફી ભરવાની હોઈ તા.૨૦/૦૧/૨૦૨૨ થી તા.૧૫/૧૨/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મોહમદ અબરાર, સાહીદ રાજપુત, મનીષ કુમાર અને નઇમ અહેમદ નાઓએ ભેગા મળી યુ.એસ.એ.ની યુનિર્વસીટીની ફી ભરી આપવાનું કહી સમીરએહમદ અંસારી પાસેથી રૂપિયા ૧૪,૧૩,૫૦૦/- મેળવી લઈ ફી નહી ભરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.પાંડવ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧/૨૦૨૩**

**મણીનગરઃ** જયેશભાઈ જેન્તીલાલ શાહ (ઉ.વ.૬૩) (રહે.શાંતિકુંજ સોસાયટી પુનીત આશ્રમ સામે મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૨/૨૦૨૨ રાતના ૮/૩૦ થી ૯/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો/તાળા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીનાં દાગીના, મોબાઈલ ફોન, કેમેરો તેમજ અન્ય ચીજવસ્તું અને રોકડ રૂપિયા ૧,૫૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭,૫૩,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.પી.ઉનડકટ ચલાવે છે.

## <u>લુંટની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૨/૨૦૨૩</u>

**નરોડાઃ** કુલદીપભાઇ સ/ઓ બાબુભાઇ ચૌહાણ (ઉ.વ.૧૯) (રહે.ગુજરાત હાઉસિંગ બોર્ડ મહાત્મા ગાંધી વસાહત કઠવાડા ગામ નિકોલ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૧/૨૦૨૩ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે નરોડા હંસપુરા રીંગરોડ પાસે આવેલ લક્ષ્મી સ્કાય સિટી ફ્લેટની આગળથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના ૨૨૦ સીસી પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કુલદીપભાઈ ચૌહાણના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ઝુંટવી લઇ ભાગવા જતા હતા તે વખતે કુલદીપભાઈ એ તેઓને પકડવા જતા હાથ લાંબો કરતા મોટર સાયકલ પાછળ બેસેલ પુરૂષે ચપ્પુ મારવાની કોશીશ કરી બન્ને નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

## <u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૩/૨૦૨૩</u>

**"એમ" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** મુકેશ શંકરલાલ મીણા (ઉ.વ.૩૧) (રહે.ગામ. બડીવીરવા તા.સલુંબર જી.ઉદયપુર રાજસ્થાન) તા.૦૧/૦૧/૨૦૨૩ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે બોપલ વી.આઈ.પી.રોડથી મહમદપુરા કાકાના ઢાબા ચાર રસ્તા એસ.પી.રિંગ રોડ તરફ જતા રેઈન ફોરેસ્ટ સામેથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાર નંબર જીજે ૧૦ ડીએન ૫૫૫૫ ના ચાલકે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સ્કુટરને ટક્કર મારતા મુકેશ મીણાને ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ અમદાવાદ મેમનગર ગોપાલનગર વિભાગ-૪ ખાતે રહેતા મૃત્યુ પામનાર મુકેશભાઈ મીણાના મામા પ્રેમજી હિરાજી મીણાએ "એમ" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.

## <u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૪/૨૦૨૩</u>

**સરખેજઃ** તરૂણાબહેન વા/ઓ રજનીકાંતભાઇ વાઘેલા (ઉ.વ.૨૩) (રહે. રાજનગર વિભાગ-૨ બળીયાદેવ મંદીર પાસે ગાયત્રીનગર સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૧/૨૦૨૩ સવારના ૭/૨૦ થી બપોરના ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દમ્યાન પોતાના રહેઠાણ ખાતે છતના હુકમાં દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "એમ" ડિવીઝન ચલાવે છે.

**અમરાઇવાડી**ઃ કાજલબહેન વા/ઓ યોગેશભાઇ વણઝારા (ઉ.વ.૨૬) (રહે. શિવાનંદનગર અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૧/૨૦૨૩ કલાક ૪/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**ઓઢવ**ઃ કોસર સ/ઓ ગફાર અલી (ઉ.વ.૨૦) (રહે. શાંતિનીકેતન હિન્દી પ્રાથમીક શાળા બહાર ઓરડીમાં મોમાઇનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૩૧/૧૨/૨૦૨૨ રાતના ૯/૦૦ થી તા.૦૧/૦૧/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે છતના ભાગે લાગેલ લોખંડના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી